**આજનો સુવિચાર**

ઈશ્વર સિવાય કયાંય પણ મન લગાવ્યું તો અંતે પસ્તાવો જ પ્રાપ્ત થશે

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૭ અંક : ૧૫૨ જૂનાગઢ તા.૧૪-૬-૨૦૨૩ બુધવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)


Saurashtra Bhoomi (Daily) Year : 47 Volume : 152, Junagadh : Date : 14 Jun, 2023, Wednesday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh, GUJARAT, India. • Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor Abhijeet K. Upadhyay

# વાવાઝોડાનું કાઉન્ટ-ડાઉન શરૂ : આવતીકાલે સાંજે ૪ થી ૮ની વચ્ચે ગુજરાતનાં દરિયા કિનારે ટકરાશે

**ગાંધીનગર તા. ૧૪ : બિપરજોય વાવાઝોડાનું હવે ગુજરાતનાં દરિયા કિનારે ત્રાટકવાનું કાઉન્ટ ડાઉન શરૂ થઈ ગયું છે. હવામાન વિભાગનાં સુત્રોનાં જણાવ્યા મુજબ આવતીકાલે સાંજે ૪ થી ૮ની વચ્ચે બિપરજોય વાવાઝોડું કચ્છનાં માંડવી અને પાકિસ્તાનનાં કરાચી બંદર વચ્ચે લેન્ડ ફોલ કરશે. બિપરજોય વાવાઝોડાને કારણે દ્વારકા, પોરબંદર અને કચ્છ જીલ્લામાં સૌથી વધુ નુકશાન થવાની ભીતિ વ્યકત કરવામાં આવી છે. વાવાઝોડું જયારે ગુજરાતનાં દરિયા કિનારે ટકરાશે ત્યારે ૧૨૫ થી ૧૫૦ કી.મી.ની ઝડપે પવન ફુંકાવાની ચેતવણી આપવામાં આવી છે. વાવાઝોડાની અસર હેઠળ ઉપરોકત ત્રણ જીલ્લા ઉપરાંત જામનગર, જૂનાગઢ, ગીર સોમનાથ, અમરેલી, રાજકોટ જીલ્લામાં અતિ ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે જેને પગલે ૮ જીલ્લાઓમાં હાઈએલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. સંભવિત કોઈપણ પરિસ્થિતિની પહોંચી વળવા માટે એનડીઆરએફ - એસડીઆરએફની ટીમોને તૈનાત કરવામાં આવી છે તેમજ સૈન્યને પણ સ્ટેન્ડ-ટુ રાખવામાં આવેલ છે. આ લખાય રહયું છે ત્યારે પ્રાપ્ત અહેવાલ મુજબ હાલમાં વાવાઝોડું જખૌથી ૨૮૦, દ્વારકાથી ૨૯૦ અને પોરબંદરથી ૩૫૦ કી.મી. દુર છે**

## ૧૨૫ થી ૧૫૦ કી.મી.ની ઝડપે પવન ફુંકાશે : દ્વારકા, પોરબંદર, કચ્છમાં સૌથી વધુ નુકશાન થશે : રાજયનાં ૮ જીલ્લામાં હાઈએલર્ટ






ગાંધીનગર તા. ૧૪ વાવાઝોડુ બીપરજોયએ અતિ ગંભીર સ્વરૂપ ધારણ કરી લીધું છે. સૌરાષ્ટ્ર- કચ્છના દરિયાકિનારાઓ માટે સાયકલોન વોર્નિંગ રેડ એલર્ટ જાહેર કરવામાંઆવ્યું છે. દરમ્યિાન આજથી વાવાઝોડાએ ટર્ન લીધો છે અને આવતીકાલે લેન્ડફોલ કરશે. આ વાવાઝોડાની કેટેગરી અતિગંભીર વાવાઝોડાનું સ્વરૂપ આપવામાંઆવ્યું છે. ફોરકાસ્ટ મેપ મુજબ બિપરજોય વાવાઝોડુ આવતીકાલે ૧૫ જુનનાં કચ્છ અને લાગુ પાકિસ્તાનના સિંધ વિસ્તારમાં લેન્ડફોલ કરશે. આ વાવાઝોડુ આજથી ટર્ન લઈ રહ્યું છે. સૌરાષ્ટ્ર કચ્છના દરિયાકિનારા માટે સાયકલોન વોર્નિંગ રેડએલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. અરબી સમુદ્રમાંથી ઉદભવેલું ચક્રવાતી તોફાન 'બિપરજોય' 'અતિ ગંભીર'ની શ્રેણીમાં છે. હવામાન વિભાગે આશંકા વ્યક્ત કરી છે કે, ગુજરાતના ત્રણ જિલ્લા કચ્છ, દ્વારકા અને જામનગર જિલ્લામાં સૌથી વધુ નુકસાન થઈ શકે છે. જયારે આ વાવાઝોડું દરિયાકાંઠે ટકરાશે ત્યારે આ ત્રણ જિલ્લાઓમાં તોફાન અને વરસાદથી મહત્તમ વિનાશ થશે. નબળું પડવા છતાંઆ વાવાઝોડુંભારે વિનાશ સર્જવા સક્ષમ છે. અત્યાર સુધીના અનુમાન મુજબ, તે ગુરૂવારે સાંજે સૌરાષ્ટ્ર અને કચ્છને પાર કરીને ગુજરાતના માંડવી અને પાકિસ્તાનના કરાચી વચ્ચેના કાંઠે અથડાશે. અથડામણના સમયે પવનનીઝડપ ૧૨૫થી૧૫૦ કિમી પ્રતિ કલાકની હોઈ શકે છે. હવામાન વિભાગના મહાનિર્દેશક મૃત્યુંજય મહાપાત્રાના જણાવ્યા અનુસાર આટલું જોરદાર વાવાઝોડું ભારે વિનાશ સર્જવા સક્ષમ છે. ચક્રવાતી તોફાન 'બિપરજોય' દરિયામાં ૧૬૫ કિમી પ્રતિ કલાકની ઝડપે આગળ વધી રહ્યું છે. આવતીકાલે સાંજે, તે ગુજરાતના માંડવી અને પાકિસ્તાનના કરાચી વચ્ચે ક્યાંક દરિયાકાંઠે અથડાઈ શકે છે. તે સમયે તોફાનની આખૂબ જ શકિતશાળી વાવાઝોડાને જોતા અધિકારીઓએ દરિયાકાંઠાના વિસ્તારોમાંથી લગભગ ૩૦,૦૦૦ લોકોને સુરક્ષિત સ્થળોએ ખસેડ્યા છે. દરમિયાન, રાજયમાં નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ અને સ્ટેટ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સની ઘણી ટીમોને તૈયાર રાખવામાં આવી છે. આ સાથે સેનાએ સિવિલ એડમિનિસ્ટ્રેશનઅને NDRFસાથે મળીને રાહત કામગીરીનુંઆયોજન કર્યુંછે. સેનાએ વ્યૂહાત્મક સ્થળોએ પૂર રાહત એકમોને પણ તૈયાર રાખ્યા છે.રાજયમાં જામનગર કચ્છ અને દ્વારકામાં સૌથી વધુ ખતરો છે. શાળા કોલેજોમાં રજા જાહેર કરવામાં આવી છે યાર્ડ અને બજાર પણ બંધ છે. લોકોમાં ભય - ડરની લાગણી જોવા મળી રહી છે.

અરબી સમુદ્રમાં સર્જાયેલું ચક્રવાતીતોફાન બિપરજોય ૧૫ જૂને ગુજરાતના કચ્છમાંત્રાટકશે, પરંતુ તે પહેલા જ સમુદ્રમાં ઉથલપાથલ મચી ગઈ છે. દેશના અનેકરાજયોમાંભારે પવન સાથે ભારે વરસાદ પડી રહ્યો છે. ગુજરાતના ૮ જિલ્લામાં હાઈ એલર્ટ છે. કેન્દ્ર સરકાર આ સમગ્ર મામલે સતત નજર રાખી રહી છે. કેન્દ્રીય મંત્રીઓને મોનિટરિંગ માટે અલગ-અલગ જિલ્લાઓની જવાબદારી સોંપવામાં આવી છે.

## બિપરજોય વાવાઝોડાથી ચોમાસાને અસર નહી થાય : રાબેતા મુજબ રહેશે : રાહતનાં સમાચાર

નવી દિલ્હી તા. ૧૪ અરબી સમુદ્રમાં અતિ ગંભીર સાયક્લોન કેટેગરીમાં પ્રવેશી ગયેલા 'બિપરજોય' અંગે હવામાન વિભાગે ગુજરાતમાં હાઈએલર્ટ જાહેર કર્યુ છે. આ વાવાઝોડાંને કારણે જ ભારતમાં ચોમાસાનું આગમન પણ મોડું થયું છે ત્યારે ચોમાસાને લઈને એક રાહતના સમાચાર પણ આવ્યા છે. ભારતના હવામાન વિભાગનું કહેવું છે કે બિપરજોય વાવાઝોડું ચોમાસાના પ્રવાહથી એકદમ છૂટું પડી ગયું છે એટલેકે હવે વરસાદ સર્જવામાટેની જરૂરી સિસ્ટમ કે પછીતેની કામગીરી પર કોઈ પ્રતિકૂળ અસર નહીં જોવા મળે. દિલ્હીમાં પત્રકાર પરિષદને સંબોધતા હવામાન વિભાગના વડા મૃત્યુંજન મહાપાત્રાએ કહ્યું હતું કે બિપરજોય વાવાઝોડાંએ અરબ સાગરમાં ભૂમધ્ય રેખા પર પ્રવાહ વધારીને દ્વીપકલ્પના દક્ષિણ ભાગોમાં ચોમાસાને આગળ વધારવામાં મદદ કરી છે. તેમણે કહ્યું હતું કે હવે તે ચોમાસુ તેના પ્રવાહથી સંપૂર્ણપણે અલગ થઈ ગયું છે. હવે એવી કોઈ મોટી શક્યતા નથી કે આ સાયક્લોન ચોમાસાની ગતિ અથવા કામગીરીને મોટા પાયે અસર કરશે.

## દ્વારકાધીશનાં મંદિરે સળંગ પાંચ દિવસ સુધી ધજા નહી ચડે

દ્વારકા તા. ૧૪ અરબ સાગરમાં સર્જાયેલું ચક્રવાત 'બિપરજોય' અતિપ્રચંડ બની રહ્યું છે અને ધીમે ધીમે સતત આગળ પણ વધી રહ્યું છે. ત્યારે આશંકા છે કે આ વાવાઝોડુંદ્વારકામાં ટકરાઈ શકે છે, જેના કારણે અતિવૃષ્ટિની અને ભારે ખાનાખરાબીની પણ આશંકા સેવાઈ રહી છે. વાવાઝોડાનો સામનો કરવા માટે તંત્ર પણ સજ્જ છે, પરંતુ દ્વારકાવાસીઓને ધરપત છે. તેમને ગળા સુધીની ખાતરી છે કે આ વાવાઝોડું ફંટાઈ જશે અને દ્વારકાને ઊની આંચ નહીં આવે. તેની પાછળ દ્વારકાવાસીઓ ભગવાન શ્રી દ્વારિકાધીશની કૃપા માને છે. આ ધાર્મિક માન્યતામાં માનીએ કે પછી વિજ્ઞાનને માનીએ.

પરંતુ ઈતિહાસમાં એક નહીં પરંતુઅનેક એવાં ઉદાહરણો મોજૂદ છે, જેમાં દ્વારકા પર પ્રચંડ આફતો આવેલી, અને છેલ્લી ઘડીએ તે ટળી ગઈ હતી.

વાવાઝોડાની આશંકા વચ્ચે ઈતિહાસમાં પહેલીવાર આગામી ૧૭ જૂન સુધી જગત મંદિર ઉપર એક પણ ધજા ચઢાવવામાં નહીં આવે. આ ધજા દ્વારાધિશનાં ચરણમાં અર્પણ કરવામાં આવશે. ઈતિહાસમાં પહેલીવાર સળંગ પાંચ દિવસ સુધી ધજા ચઢાવવામાં નહીં આવે.'

## દ્વારકાનો દરિયો ગાંડોતૂર : ૧૫ ફૂટ ઉંચા મોજા ઉછળી રહયા છે

દ્વારકા તા. ૧૪ વાવાઝોડું દ્વારકાની નજીક પહોંચતા જ દ્વારકાનો દરિયો ગાંડોતૂર બન્યો છે. દરિયામાં ૧૫ ફૂટ ઊંચા મોજા ઉછળી રહ્યા છે. દ્વારકામાં વહેલી સવારથી જ ભારે પવન સાથે વરસાદ વરસી રહ્યો છે. જેને લઈ દ્વારકાવાસીઓમાં ચિંતા જોવા મળી રહી છે. તંત્ર દ્વારા અગત્યના કામ સિવાય ઘરની બહાર નહી નીકળવા અપીલ કરવામાં આવી છે. અત્યાર સુધી દ્વારકા જિલ્લામાં લગભગ ૭ હજાર લોકોને નીચાણવાળા વિસ્તારોમાંથી લઈ જઈને સુરક્ષિત જગ્યાએ રાખવામાંઆવ્યાં છે. એમ્બ્યુલન્સ, એસટી બસો, એનડીઆરએફ ટીમ, એસડીઆરએફ ટીમને ખડેપગે રખાઈ છે. જેથી કરીને પવન અને વરસાદમાં વધારો જણાય તો લોકોને પૂરતી મદદ આપી શકાય. સેવાકીય સંસ્થાઓ દ્વારા ફૂડ પેકેટની તૈયારીકરીરાખવામાં આવી છે. જગત મંદિરની અંદર હજારોની સંખ્યામાં ભીડ હોય છે, જેના બદલે આજે જગત મંદિરનું પરિસર સુમસામ જોવા મળ્યું હતું. અત્યાર સુધી કોઈ જાન માલની નુકસાની થઈ નથી.

## દરિયાકાંઠા વિસ્તારમાંથી ૧૦૦ થી વધુ સિંહોને સલામત સ્થળે ખસેડાયા

જૂનાગઢ તા. ૧૪ વાવાઝોડુ 'બીપોરજોય' હવે સૌરાષ્ટ્રની નજીક આવી ગયું છે અને આવતીકાલે સાંજે લેન્ડફોલ થાય તે પુર્વે સૌરાષ્ટ્રની શાન એવા ગીરના સિંહો જે વાવાઝોડાના સંભવિત અસરગ્રસ્ત ક્ષેત્રમાં વસવાટ કરે છે. તેમને પણ સલામત કરવા જંગલ વિભાગે કવાયત શરૂ કરી છે. ખાસ કરીને કાંઠાળ ક્ષેત્રમાં વસેલા ૧૦૦થી વધુ સિંહોને સલામત સ્થળો પર પહોંચાડવા માટેની કામગીરીલગભગ પૂર્ણ થઈ ગઈ છે અને ખાસ કરીને ગીર સોમનાથ-ભાવનગર ક્ષેત્રમાં દરિયાકિનારા નજીક જ વસેલા ૩૦થી વધુ સિંહોને અગાઉ જ ત્યાંથી ખસેડી લેવામાં આવ્યા છે.

ગીરના સિંહો તથા તેની ચિંતા કરતા જંગલ વિભાગના બીટગાર્ડ વચ્ચે જે ખાસ સંબંધ છે તે આ સમયે ખૂબ જ ઉપયોગી નિવડે છે. રાજય સરકાર તથા હવામાન વિભાગ દ્વારા વાવાઝોડાનો સંભવિત માર્ગ છે તે અંગેની માહિતી જંગલ વિભાગ સતત ફોલો કરે છે અને તે રીતે સિંહોની મુવમેન્ટ પર નજર રાખે છે. જંગલમાં આ બીટ-ગાર્ડ ઉપરાંત જંગલ વિસ્તારના કર્મચારીઓ અને સિંહો વચ્ચે એક ખાસ 'ઓળખાણ' બની ગઈ હોય છે અને તેથી સિંહો સામાન્ય રીતે ખાખી ડ્રેસ દ્વારા આ કર્મચારીઓ પર હુમલો કરતા નથી અને તેને તેની 'સૂચના' પણ માને છે. ત્રણ થી ચાર બીટગાર્ડ એક સાથે સિંહોનું લોકેશન પારખી તેને સંભાળપૂર્વક તથા કોઈ ઉશ્કેરાય નહી તે રીતે સલામત સ્થળે લઈ જવા માટે કામગીરી કરે છે.

## સૈન્યને સ્ટેન્ડ-ટુ રખાયું

ભૂજ તા. ૧૪ વાવાઝોડાથી જાનમાલને નુકશાન રોકવા શ્રેણીબદ્ધ પગલા લેવાયા છે. કેન્દ્ર સરકારે પૂર્વ તૈયારી પરદેખરેખ રાખવા કેન્દ્રીય પ્રધાનોને પણ મોકલ્યા છે. કેન્દ્રીય આરોગ્ય મંત્રી મનસુખ માંડવીયાએ બે દિવસથી સૌરાષ્ટ્રમાં કેમ્પ કર્યો છે. ગઈ કાલે તેઓ ભુજ મીલીટરી બેઈઝ પર પણ પહોંચ્યા હતા. વાવાઝોડાની સંભવીત આફત સામે સૈન્યને પણ સ્ટેન્ડ-ટુ રખાયું છે. ગમે તેવી પરિસ્થિતિને પહોંચી વળવા સેનાએ પણ સંપૂર્ણ તૈયારી રાખી છે. મનસુખ માંડવીયાએ આ મામલે સૈન્ય અધિકારીઓ સાથે ચર્ચા અને સમીક્ષા કરી છે.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકનાં ૪૭માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિતે હાર્દિક શુભેચ્છા...

અગ્રણી બિલ્ડર
કરમણભાઈ ધડુક
જૂનાગઢ
મો. ૯૮૨૪૨ ૦૧૬૬૧

ગોપાલ નમકીનનું એરીયા વાઈસ કમીશનથી કામ આપવાનું છે
થ્રી વ્હીલર પેક બોડી વાળી રીક્ષા હોવી જરૂરી છે.
રૂબરૂ મુલાકાત માટે ફોન કરીને આવવું
જય સેલ્સ એજન્સી
રાધા નગર, ખામધ્રોળ બાયપાસ રોડ, જૂનાગઢ
મો. ૯૪૨૮૬ ૨૨૩૩૨ - વિનોદભાઈ
મો. ૯૮૯૮૭ ૦૧૬૨૬ - ભાવિનભાઈ


તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
ડૉ. ધવલ સંઘવી
બી.એ.એમ.એસ. (B.V.P.U.) Pune
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩
તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત




વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ
કલીનીક : પ્લોટ નં. ૪૧૭, જી.આઈ.ડી.સી.-૨, જૂનાગઢ.
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

બહેનો જોઈએ છે
ગર્લ્સ હોસ્ટેલ માટે સાફ સફાઈ કરી શકે તેવા બહેન / રસોઈ (ગૃહમાતા) હોસ્ટેલમાં રહી શકે તેવા બહેન જોઈએ છે
આકર્ષક પગાર આપવામાં આવશે
ગાયત્રી પ્રાયમરી સ્કુલ
દિપાંજલી-૧, ટીંબાવાડી, ક્રોમાવાળી ગલીમાં, જૂનાગઢ મો. ૯૧૦૬૫ ૭૮૦૧૨
મળવાનો સમય : સવારે ૯ થી ૧
દિવસ-રમાં રૂબરૂ મળો

ઓપરેશનો મફત... ઓપરેશનો મફત... ઓપરેશનો મફત
● પીએમ જય / આયુષ્યમાન કાર્ડ ધારકો માટે જ
હરિ-કલા યુરોસર્જીકલ હોસ્પિટલ
ડો. જયંત એચ. પંડયા
જનરલ લેપ્રોસ્કોપી સર્જન અને એનોરેકટલ સર્જન



ઉપલબ્ધ સેવાઓ :
● હરસ, મસા, ભગંદર માટેની અદ્યતન IRCA,HAL LASER મશીનથી એક દિવસમાં સર્જરી અને રજા અને ગેરેંટીથી નાબૂદ થશે
● પથરી, પ્રોસ્ટેટ, સારણ ગાંઠ, એપેન્ડીકસના લેપ્રોસ્કોપી દૂરબીનથી ઓપરેશનો
પહેલો માળ, શ્રીજી ટાવર, કોર્ટ રોડ, જુના બસસ્ટેશન સામે, જૂનાગઢ-૧ ફોન : (૦૨૮૫) હો. ૨૬૨૪૫૯૪,
મો. ૯૪૨૮૫ ૭૫૮૮૭, ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪
બીજી બ્રાંચ : હેલ્થ પ્લસ મલ્ટીસ્પેશ્યાલીટી હોસ્પીટલ અને રીસર્ચ સેન્ટર
લાલબહાદુરશાસ્ત્રી સોસાયટી, બસસ્ટેશન રોડ, જૂનાગઢ
મો. ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪

100% आयुर् वैदिक
इन सभी रोगों में शत् प्रतिशत परिणाम

| | | |
|---|---|---|
| सफेद दाग | बवासीर(पाइल्स) | गुप्त रोग |
| शुगर | मोटापा | कमजोरी |
| घुटनों के दर्द | कोलेस्ट्रॉल | नपुंसकता |
| कमर दर्द | लकवा(पैरालिसिस) | श्वेत प्रदर |
| साइटिका | गैस एसिडिटी | हेयरफॉल |
| गठिया | दाद खाज खुजली | पथरी |

ગુજરાત આયુર્વેદિક દ્વારા
ક્રિસ્ટલ કોમ્પ્લેક્સ ચીતા ખાન ચોક જનાગઢ
95862 50898

ભગંદર, હરસ-મસા, ફિશર
સ્ત્રી રોગ અને ઈનફર્ટીલીટી સારવાર
આયુર્વેદ-પંચકર્મ દ્વારા નવા-જૂના રોગોની સારવાર
અગ્નિકર્મ-ક્ષારસુત્ર-ગર્ભસંસ્કાર
બાળકો માટે સુવર્ણપ્રાશન
વ્યસનમુક્તિ સારવાર
ડો. શ્રેયસ જી. ભાલોડિયા
M.S. (Ayurved) Shalya
જુનાગઢ : સોમ-શુક્ર-શનિવાર
રાજકોટ : મંગળ-બુધ-ગુરૂવાર
રાજકોટ માટે ફોન પર એપોઈન્ટમેન્ટ લેવી
ૐ આયુર્વેદ હોસ્પિટલ
પ્લેટીનમ-૨, ત્રીજો માળ, યસ બેંક ઉપર, એસ.ટી. કોલોની સામે, કોલેજ રોડ, મોતીબાગ, જૂનાગઢ. ફોન : (૦૨૮૫) ૨૬૭૪૪૨૨
મો. ૭૮૭૮૧ ૫૧૨૧૫
Aum Ayurved Hospital e_mail : aum.ayurved.hospital@gmail.com

# સૌરાષ્ટ્ર-કચ્છના દરીયાકાંઠાનાં વિસ્તારમાં બીપરજોય વાવાઝોડાનાં ખતરા સામે તંત્ર દ્વારા અનેકવિધ પગલા

## ભારત સરકારનાં ગૃહમંત્રી અમિતભાઈ શાહે રાહત અને બચાવની કામગીરીની વિડીયો કોન્ફરન્સથી સમીક્ષા કરી



જૂનાગઢ, તા.૧૪

ભારત સરકારના ગૃહ મંત્રી અમિતભાઈ શાહે સૌરાષ્ટ્ર-કચ્છના દરિયાકાંઠાના વિસ્તારમાં બીપરજોય ટકરાઈ તેવી સંભવના છે ત્યારે વાવાઝોડાનો સામનો કરવા અને રાહત બચાવની કામગીરીની વિડીયો કોન્ફરન્સના માધ્યમથી સર્વગ્રાહી સમીક્ષા કરી હતી. જેમાં કેશોદ ખાતેથી રાજયના સહકાર મંત્રી અને વાવાઝોડા સંદર્ભે જેમને જૂનાગઢ જિલ્લાની દેખરેખ માટે જવાબદારી સોંપવામાં આવી છે તેવા જગદીશ વિશ્વકર્મા જોડાયા હતા. આ વિડીયો કોન્ફરન્સના માધ્યમથી મંત્રી, સાંસદ રાજેશભાઈ ચુડાસમા, જિલ્લા પંચાયતના પ્રમુખ શાંતાબેન દિનેશભાઈ ખટારિયા, ધારાસભ્ય ભગવાનજીભાઈ કરગઠિયા, દેવાભાઈ માલમ, સંજયભાઈ કોરડીયા, પ્રભારી સચિવ મનીષ ભારદ્વાજ, કલેકટર અનિલકુમાર રાણાવાસીયાએ વાવાઝોડા સંદર્ભેજરૂરી તકેદારીઓ રાખવા માટે માર્ગદર્શન મેળવ્યું હતું.

આ બેઠકમાં ભારતના ગૃહ મંત્રી અમિતભાઈ શાહે જણાવ્યું હતું કે, કેન્દ્ર સરકાર તમામ મદદ માટેતૈયારછે, ખાસકરીનેરાહત બચાવની કામગીરી માટે કોસ્ટ ગાર્ડ, બીએસએફ, હવાઈ દળ જેવી કેન્દ્રીય એજન્સીઓની મદદ આપવા માટે તૈયાર છે. તેમણે વાવાઝોડા દરમ્યાન જાન હાની ન થાય અને ખાસ કરીને ગીર ફોરેસ્ટમાં પ્રાણીઓની સુરક્ષા માટે જરૂરી તકેદારી લેવા જણાવ્યું હતું. તેમણે સૌરાષ્ટ્ર કચ્છના ભારે વરસાદથી અતિ ભારે વરસાદ થવાની સંભાવના છે. જેથી પૂરની સ્થિતિને રાખી આગોતરુ આયોજન કરવા તેના આવ્યું હતું. વિડીયો કોન્ફરન્સ પૂર્ણ થયા બાદ કેશોદ ખાતેની આ બેઠકમાં જૂનાગઢ જિલ્લાના નીચાણ વાળા વિસ્તાર એવા ઘેડ પંથકમાં સંભવિત પૂરની સ્થિતિ અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી. આ બેઠકમાં ઉકત પદાધિકારીઓ -અધિકારીઓ ઉપરાંત જૂનાગઢ શહેર ભાજપ પ્રમુખ પુનિત શર્મા, સાવજ ડેરીના ચેરમેન દિનેશભાઈ ખટારીયા પણ ઉપસ્થિત રહ્યા હતા.


www.saurashtrabhoomi.com સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

## બિપરજોય વાવાઝોડાને પગલે કંટ્રોલ રૂમ કાર્યરત

| | |
|---|---|
| 1 અમદાવાદ - 079-27560511. | 17 ખેડા -0268-2553536 |
| 2 અમરેલી - 02792-230735 | 18 કચ્છ - 02832-250923 |
| 3 આણંદ - 02692-243222. | 19 મહીસાગર - 02674-252300 |
| 4 અરવલ્લી - 02774-250221. | 20 મહેસાણા - 02762-222220/222299 |
| 5 બનાસકાંઠા - 02742-250627 | 21 મોરબી - 02822-243300 |
| 6 ભરૂચ - 02642-242300 | 22 નર્મદા - 02640-224001 |
| 7 ભાવનગર - 0278-2521554/55 | 23 નવસારી - 02637-259401 |
| 8 બોટાદ - 02849-271340/41 | 24 પંચમહાલ - 02672-242536 |
| 9 છોટાઉદેપુર - 02669-233012/21 | 25 પાટણ - 02766-224830 |
| 10 દાહોદ - 02673-239123 | 26 પોરબંદર - 0286-2220800/801 |
| 11 ડાંગ - 02631-220347 | 27 રાજકોટ - 0281-2471573 |
| 12 દેવભૂમિ દ્વારકા - 02833-232183, 232125, 232084 | 28 સાબરકાંઠા - 02772-249039 |
| 13 ગાંધીનગર - 079-23256639 | 29 સુરેન્દ્રનગર - 02752-283400 |
| 14 ગીર સોમનાથ - 02876-240063 | 30 સુરત-0261-2663200 |
| 15 જામનગર - 0288-2553404 | 31 તાપી-02626-224460 |
| 16 જુનાગઢ -0285-2633446/2633448 | 33 વલસાડ -02632-243238 |
| | 32 વડોદરા - 0265-2427592 |

વધુ વિગતો માટે વાંચો સૌરાષ્ટ્ર ભૂમિ ઈ-પેપર www.saurashtrabhoomi.com


# રાજયના સહકાર મંત્રી જગદીશ વિશ્વકર્મા સતત બીજા દિવસે ગ્રાઉન્ડ ઉપર

## મંત્રીએ વાવાઝોડા આશ્રય સ્થાનોમાં સ્થળાંતરિત લોકો સાથે સંવાદ સાધ્યો : ભોજન સહિતની પ્રાથમિક સુવિધાઓ માટે જરુરી દિશા નિર્દેશ આપ્યાં



જૂનાગઢ, તા.૧૪

બિપરજોય વાવાઝોડાની સંભવિત સ્થિતિ સંદર્ભે જૂનાગઢ જિલ્લાની દેખરેખ માટે રાજય સરકારે જેમને જવાબદારી સોંપી છે તેવા રાજયના સહકાર મંત્રીશ્રી જગદીશ વિશ્વકર્માખાસ કરીને દરિયાકાંઠાના માંગરોળ અને માળિયા હાટીના તાલુકાના ગામોનોપ્રવાસ કરી, સ્થળ ઉપર લોકોના પ્રશ્નો જાણી તેના નિવારણ માટે સતત જરૂરી નિર્દેશો આપી રહ્યા છે. મંત્રીએ શીલ, આતરોલી અને રહીજ સાયક્લોન સેન્ટર હોમની મુલાકાત લીધી હતી. આ દરમ્યાન તેમણે આશ્રય સ્થાનમાં રહેલા લોકો સાથે સંવાદ સાધી, તેમના ખબર અંતર મેળવ્યા હતા. આ સંભવિત વાવાઝોડાની સ્થિતિમાં ઘર પરિવાર સાથે સુરક્ષિત જગ્યાએજ રહેવા માટે પણ અનુરોધ કર્યો હતો. મંત્રીશ્રીએ આશ્રય સ્થાનમાં રહેલા લોકોને ભોજન મળી રહે અન્ય જરુરી પ્રાથમિક સુવિધાઓ સુનિશ્ચિત કરવા માટે પણ જણાવ્યુ હતું. મંત્રીએ આતરોલી સાયક્લોન સેલ્ટર હોમ ખાતે સ્થળાંતરિત લોકોને પ્રતિકાત્મક રીતે ફૂડ પેકેટનું

### સ્થળાંતરિત લોકોના ખબર અંતર જાણી, પ્રતિકાત્મક રીતે ફૂડ પેકેટનું વિતરણ કર્યુ : મંત્રીએ શીલ, આતરોલી અને રહીજ સાયક્લોન સેલ્ટર હોમની મુલાકાત લીધી

વિતરણ કર્યુ હતું. રાજય સરકારે આ વાવાઝોડાના અનુસંધાને જૂનાગઢ જિલ્લાની દેખરેખમાટેની ફરજ સોંપી છે તેવા પ્રભારી સચિવ શ્રી મનીષ ભારદ્વાજે પણ સંબંધિત અધિકારીઓ સાથે પરામર્શ કરી જરુરી સૂચનાઓ સાથે માર્ગદર્શન આપ્યું હતું. મંત્રીના પ્રવાસ દરમ્યાન ધારાસભ્ય ભગવાનજીભાઈ કરગઠિયા, દેવાભાઈ માલમ, જિલ્લા ભાજપ પ્રમુખ કિરીટ પટેલ, જિલ્લા પોલીસ વડા રવિ તેજા વાસમ શેટ્ટી, પ્રાંત અધિકારી કિશન ગરચર, મામલતદાર હંસરાજસિંહ સહિતના પદાધિકારી અધિકારી સાથેરહ્યા હતાં.

# મંત્રીએ વાવાઝોડાના પગલે સુરક્ષાના કારણોસર લોકોને સ્થળાંતરિત થવા માટે સમજાવટ કરી

જૂનાગઢ, તા.૧૪

સહકાર મંત્રી જગદીશ વિશ્વકર્માએ માંગરોળના શીલ બારાની મુલાકાત લીધી હતી. તંત્ર દ્વારા લોકોનું સ્થળાંતર કરવામાં આવી રહેલ કામગીરીનું નિરીક્ષણ પણ તેમણે કર્યું હતું. સ્થાનિક આગેવાનોને સંભવિત વાવાઝોડાના પગલે અને સુરક્ષાના કારણોસર સ્થળાંતરિત થવા માટે લોકોને સમજાવ્યા હતા. શીલ બારા ખાતે તંત્રની સાથે એન ડી આર એફ ની ટીમ સ્થળાંતર સહિત જરુરી કામગીરી કરી રહી છે. મંત્રીની આ મુલાકાત દરમ્યાન પ્રભારી સચિવ મનીષ ભારદ્વાજે પણ જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. મંત્રીના પ્રવાસ દરમ્યાન ધારાસભ્ય ભગવાનજીભાઈ કરગઠિયા, દેવાભાઈ માલમ, જિલ્લા ભાજપ પ્રમુખ કિરીટ પટેલ, જિલ્લા પોલીસ વડા રવિ તેજાવાસમ શેટ્ટી, પ્રાંત અધિકારી કિશન ગરચર સહિતના પદાધિકારી અધિકારી સાથે રહ્યા હતાં.

# જૂનાગઢ જીલ્લામાં વાવાઝોડાના પગલે વિવિધ વિભાગ - ખાતાઓમાં કંટ્રોલરૂમ શરૂ કરાયા

જૂનાગઢ,તા.૧૪

જૂનાગઢ જિલ્લામાં બિપરજોઈ વાવાઝોડા દરમિયાન કોઈપણ આપત્કાલીન પરિસ્થિતિ સર્જાય તો લોકોની મદદ માટે જુદા જુદા વિભાગ ખાતાઓના કંટ્રોલરૂમ શરૂ કરવામાં આવ્યા છે.

જિલ્લા આપતી વ્યવસ્થાપન કેન્દ્ર, ડિઝાસ્ટર શાખા જૂનાગઢ–૦૨૮૫ ૨૬૩૩૪૪૬/ ૨૬૩૩૪૪૭/૨૬૩૩૪૪૮. સિંચાઈ વિભાગ જૂનાગઢ–૦૨૮૫ ૨૬૭૩૨૫૨. પોલીસ વિભાગ જૂનાગઢ–૧૦૦, ૦૨૮૫ ૨૬૩૦૬૦૩/૨૬૩૨૩૭૩ મો.- ૮૦૦૦૦૦૪૧૫૧. ફાયર ઈમરજન્સી, ફાયર સુપ્રિડેન્ટશ્રી, મહાનગર પાલિકા-૧૦૧,૦૨૮૫ ૨૬૨૦૮૪૧ / ૨૬૫૪૧૦૧. ૧૦૮ ઈમરજન્સી સર્વિસ– ૧૦૮, સિવીલહોસ્પિટલ ઈમરજન્સી- ૦૨૮૫ ૨૬૫૧૪૩૬. સહાયતા કેન્દ્ર સેન્ટ્રલ બસ સ્ટેન્ડ–૦૨૮૫૨૬૩૦૩૦૩. ફિશરીઝ (પોર્ટ) – ૦૨૮૭૮ ૨૨૨૧૬૯ / ૨૨૨૦૦૧. ફોરેસ્ટ કન્ટ્રોલ રૂમ – ૦૨૮૫ ૨૬૩૩૭૦૦. એસ.ટી. ટ્રાફિક – મો.૬૩૫૯૯૧૮૫૫૪. માર્ગ અને મકાન વિભાગ જૂનાગઢ (સ્ટેટ) – ૦૨૮૫ ૨૬૩૧૬૨૮. માર્ગ અને મકાન વિભાગ જૂનાગઢ (પંચાયત) –મો.૮૧૫૩૦૯૯૨૨૭. રેલ્વે કન્ટ્રોલ રૂમ – ૦૨૮૫ ૨૬૨૭૧૫૦. મહાનગરપાલિકા કચેરી કંટ્રોલ રૂમ –૦૨૮૫ ૨૬૨૬૪૭૫ / ૨૬૫૪૭૩૦. પી.જી.વી.સી.એલ. જૂનાગઢ - મો.૯૯૭૮૯૩૬૧૨૩. પંચાયત/સ્ટેટ/નેશનલ હાઈવેમાં ઝાડ પડેતો – મો.૯૯૯૮૨૬૫૦૫૫.નો સંપર્ક સાધવા જણાવેલ છે.

## જૂનાગઢ સહીત રાજયના ગુજકોમાસોલના ગોડાઉનો બીપરજોય વાવાઝોડા પ્રભાવિત વિસ્તાર અને સ્થળાંતરીત નાગરીકો માટે અપાયા : દિલીપ સંઘાણી

જૂનાગઢ, તા.૧૪

બીપરજોય વાવાઝોડાથી રાજયના અનેક જીલ્લાઓ પ્રભાવિત છે. વહીવટી તંત્ર દ્વારા વાવાઝોડાપ્રભાવિત વિસ્તારોમાં વિવિધ કામગીરી કરવામાં આવી રહી છે તેવા સમયે પૂર્વ મંત્રી અન રાજયની સર્વોચ્ચ સહકારી સંસ્થા ગુજકોમાસોલના અધ્યક્ષ દિલીપભાઈ સંઘાણીએ ગુજકોમાસોલના જૂનાગઢ સહિતના રાજયના ગોડાઉનો અસરગ્રસ્તવિસ્તારમાં કામગીરી કરનારા સેવાકર્મીઓ તેમજ સ્થળાંતરીત થયેલા નાગરીકો માટે તંત્ર સાથે સંકલન કરી તેઓને જરૂરીયાત પ્રમાણે રહેવાની વ્યવસ્થા કરવામાં આવી છે તેમ યાદીમાં જણાવેલ છે.

## જૂનાગઢ જીલ્લામાં તાલુકા વાઈઝ ૧૭ ટીમની મદદથી માર્ગ અને મકાન વિભાગ દ્વારા રસ્તા ઉપરથી વૃક્ષો હટાવવામાં આવ્યા

### ધંધુસર રવની, વંથલી, માણાવદર રોડ ઉપરના વૃક્ષો હટાવવામાં આવ્યા



જૂનાગઢ, તા.૧૪

માર્ગ અને મકાન રાજય વિભાગદ્વારા રસ્તાઓ ઉપરથી વૃક્ષો હટાવવાની કામગીરી યુદ્ધના ધોરણે કરવામાં આવી રહી છે. વાવાઝોડાના પગલે ભારે પવન અને વરસાદથી ધંધુસર રવની મેંદરડા, વિસાવદર રોડ, વંથલી, માણાવદર રોડ, કરેણી, મેંદરડા, સાસણ રોડ, અજાબ રોડ ઉપર જૂનાગઢના સર્કિટ હાઉસ ખાતે, ભેસાણ રોડ ઉપર વૃક્ષો ધરાશાયી થયા હતા. જે અન્વયે માર્ગ અને મકાન વિભાગની ટીમ દ્વારા જેસીબી ડમ્પર મશીનરીની મદદ વડે ગણતરીની કલાકોમાં જ રસ્તા ઉપર થી વૃક્ષો હટાવવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જૂનાગઢ શહેર માર્ગ અને મકાન પેટા વિભાગના નાયબ કાર્યપાલક ઈજનેર વી.એ. ગોસ્વામીના જણાવ્યા મુજબ હાલ તાલુકા વાઈસ ૧૭ ટીમની રચના કરવામાં આવી છે. આ ટીમ દ્વારા વિવિધ તાલુકાઓમાં વૃક્ષો હટાવવાની કામગીરી અને રોડ ટ્રાફિકેબલ કરવાની કામગીરી પુરજોશમાં થઈ રહી છે.

# જૂનાગઢ જીલ્લામાં સંભવિત વાવાઝોડામાં લોકોને મદદ પહોંચાડવા માટે ૨૧૦૦૦ ફૂડ પેકેટ તૈયાર

## સેવાભાવી સંસ્થાઓની મદદથી વધુ ૨૫ થી ૩૦ હજાર ફૂડ પેકેટ તૈયાર કરવાની કામગીરી પૂરજોશમાં











જૂનાગઢ, તા.૧૪

જૂનાગઢ જિલ્લામાં સંભવિત વાવાઝોડામાં લોકોને મદદ પહોંચાડવા માટે ૨૧૦૦૦ જેટલા ફૂડ પેકેટ તૈયાર કરી દેવામાં આવ્યા છે. તેમજ વધુ ૨૫ થી ૩૦ હજાર જેટલા ફૂડ પેકેટ તૈયાર કરવાની કામગીરી પૂરજોશમાં કરવામાં આવી રહી છે. તૈયાર થયેલા ફુડ પેકેટને તાલુકા કક્ષાએ પહોંચાડી દેવામાં આવ્યા છે. આમ ત્યાંથી જરૂરિયાતમંદો ફૂડ પેકેટ પહોંચાડવામાં આવી રહ્યા છે.હવામાન વિભાગની આગાહી અનુસાર જૂનાગઢ ઉપરાંત સૌરાષ્ટ્રના કેટલાક જિલ્લાઓમાં બિપરજોય વાવાઝોડુંનું સંકટ મંડરાઈ રહ્યું છે. તારે ખાસ કરીને લોકોની મદદ માટે જુનાગઢ જિલ્લાની જુદી જુદી સેવાભાવી સંસ્થાઓ આગળઆવી છે. આ સંભવિત સંકટમાં લોકોને ભોજન મળી રહે તે માટે ઉત્સાહ સાથે સેવાભાવી સંસ્થાઓ ફૂડ પેકેટ તૈયાર કરી રહી છે. ઉલ્લેખનીય છે કે, જુનાગઢ જિલ્લાના ખાસ કરીને દરિયાકાંઠાના માંગરોળ અને માળિયા હાટીના તાલુકામાં જિલ્લાના અન્ય તાલુકાની સરખામણીમાં સંભવિત વાવાઝોડાની વધુ અસર પહોંચી શકે તેમ છે.

# માંગરોળ અને માળીયાહાટીનામાં આરોગ્ય વિભાગ દ્વારા સરાહનીય કામગીરી કરાઈ



જૂનાગઢ, તા.૧૪

બિપરજોઈ વાવાઝોડાના પગલે જૂનાગઢ જિલ્લાના માંગરોળ અને માળીયાહાટીના તાલુકામાં આરોગ્ય વિભાગ દ્વારા સરાહનીય કામગીરી કરવામાં આવી રહી છે. માંગરોળ અને માળીયાહાટીના આરોગ્ય વિભાગ દ્વારા શેલ્ટર હોમમાં નાગરિકોની મેડિકલ તપાસણી, તેમજ સગર્ભા, વૃદ્ધોના આરોગ્ય તપાસણી કરવામાં આવી હતી. માંગરોળ અને માળીયાહાટીના તાલુકા આરોગ્ય અધિકારીના જણાવ્યા મુજબ, ૬૦વર્ષથી વધુ ધરાવતા નાગરિકોને ડાયાબિટીસ, બી પી, જેવા રોગોનું ચેકઅપ, જે સગર્ભાઓને ટૂંક સમયમાં ડીલેવરીની તારીખ છે તેઓને સલામત સ્થળે શિફ્ટિંગ કરવા, તેમજ સગર્ભાઓને ડીલેવરીની હજી વાર છે તેમને આઈડેન્ટીફાઈ કરી આરોગ્ય વિભાગના કર્મચારીઓ સતત સંપર્કમાં હોવાનું જણાવ્યુ હતુ.

# દ્વારકા જિલ્લામાં ૩૫૦૦થી વધુ લોકો સલામત સ્થળે ખસેડાયા, દરિયાકાંઠા ઉપર પોલીસ ગોઠવાઈ

## લોકોની સલામતી માટે ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવી દ્વારા સંભવિત અસરગ્રસ્ત વિસ્તારોનું સતત નિરીક્ષણ : જિલ્લા વહીવટી તંત્ર, પોલીસ, આરોગ્ય, પી.જી.વી.સી.એલ. સહિતના તંત્રોની ખડેપગે કામગીરી : શાળાઓમાં તા. ૧૬-૦૬-૨૦૨૩ સુધી રજા જાહેર કરવામાં આવી















(પ્રતિનિધિ દ્વારા) દ્વારકા તા.૧૪

રાજ્યના દરિયાકાંઠા વિસ્તારો પર તોળાઈ રહેલા સંભવિત વાવાઝોડા 'બિપરજોય'ના ખતરા સામે દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીની રાહબરી તેમજ જિલ્લા કલેક્ટર અશોક શર્માના માર્ગદર્શનમાં જિલ્લા વહીવટી તંત્ર યુદ્ધના ધોરણે કામ કરી રહ્યું છે. લોકોની સુરક્ષા તેમજ બચાવ - રાહત કાર્ય માટે જિલ્લામાં ૩૦૦થી વધુ પોલીસ અધિકારીઓ, જવાનો તેમજ ૫૦૦થી વધુ જી.આર. ડી., એસ.આર. ડી.ના જવાનો તહેનાત કરાયા છે. દરિયા કાંઠે ચુસ્ત પોલીસ સુરક્ષા ગોઠવાઈ છે. દ્વારકા જિલ્લામાં રાત સુધીમાં વાવાઝોડાના સંભવિત અસરગ્રસ્ત વિસ્તારોમાંથી આશરે ૩૫૦૦થી વધુ લોકોને સલામત સ્થળે ખસેડાયા છે. ગઈકો ૧૩મી જૂને સવારે કેન્દ્રીય પશુપાલન મંત્રી પરષોત્તમ રૂપાલા દ્વારકા આવી ગયા છે. જ્યારે પ્રભારી સચિવ પ્રવીણ સોલંકી પણ દ્વારકા તહેનાત છે. હાલ દેવભૂમિ દ્વારકા જિલ્લામાં એન.ડી.આર.એફ.ની બે તથા એસ.ડી.આર.એફ.ની બે ટૂકડી તહેનાત કરી દેવામાં આવી છે. જેમાંથી ૨૫ જવાનો તેમજ અધિકારીઓ સહિત ૩૦ લોકોના સંખ્યાબળ વાળી એન.ડી.આર.એફ.ની એક ટીમ દ્વારકા ખાતે તહેનાત છે. જ્યારે ૨૨ જવાનો સહિત ૨૫નું સંખ્યાબળ ધરાવતી એસ.ડી.આર.એફ.ની એક ટીમ દ્વારકા જ્યારે બીજી ટીમ રાવલ નગર માટે સ્ટેન્ડ બાય રખાઈ છે. જિલ્લા આરોગ્ય વિભાગે આગોતરો સર્વે કરીને ૧૪૯ પ્રસૂતાઓને સલામત સ્થળે ખસેડી છે. જેમાંથી છેલ્લા ૨૪ કલાકમાં ૬૦સગર્ભાઓની સફળતાપૂર્વક પ્રસૂતિ કરાવાઈ છે.

સગર્ભાઓના સ્થળાંતર માટે ૫૦ જેટલી એમ્બ્યુલન્સનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. દ્વારકા જિલ્લામાં આકસ્મિક આરોગ્ય સેવાની તૈયારીનાં ભાગરૂપે રાજ્યકક્ષાએથી અલગ અલગ નવ મેડીકલ ટીમ તથા ૯ ડોકટરોની પ્રતિ નિયુક્તિ કરવામાં આવી છે. આ ટીમ અલગ અલગ સરકારી હોસ્પિટલોમાં મુકાઈ છે. નિષ્ણાંત તબીબી સેવાઓ માટે સબ ડિસ્ટ્રીક્ટ હોસ્પિટલ દ્વારકા ખાતે વધારાની એક તબીબી મેડીકલ ટુકડીને રાજ્ય કક્ષાએથી પ્રતીનીયુક્તિ ઉપર મુકવાનો આદેશ કરાયો છે. જેમાં ઓર્થોપેડિક સર્જન, એનેસ્થેટીક વગેરે ડોકટરોનો સમાવેશ થશે. જેથી નાની મોટી કોઈપણ ઈજાની સારવાર સબ ડિસ્ટ્રીક્ટ હોસ્પિટલ ખાતે થઈ શકે. શાળાઓમાં તા. ૧૬-૦૬-૨૦૨૩ સુધી રજા જાહેર કરવામાં આવી છે. દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ડાયાબીટીસ અનેહાયપરટેન્શનના ૧૪૦૨૯ દર્દીઓને જિલ્લાના તમામ કોમ્યુનીટી હેલ્થ ઓફિસર/આરોગ્ય કર્મચારીઓ દ્વારા તેમના ઘરે-ઘરે જઈને બે અઠવાડિયાની દવાઓ પહોચાડવાની કામગીરી કરાઈ રહી છે. અતિકુપોષિત ૬ બાળકોને ઘરે પૌષ્ટિક ભોજન પર્હોચાડયું છે. જિલ્લાના કુલ ૧૨૭ દર્દીઓ ડાયાલીસીસ સારવાર હેઠળ છે. જેમાં કુલ ૪૪ દર્દીઓ એવા છે કે જેના મંગળવારે અનેબુધવારે ડાયાલીસીસ થવાના છે, એવા તમામ દર્દીઓને તેમના સેન્ટર ઉપર સ્થળાંતર કરવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. જિલ્લામાં રોડ ઉપર પડેલા વૃક્ષો, વીજપોલ, હોર્ડિંગ્સ હટાવવા માટે માર્ગ અને મકાન વિભાગની રાજ્ય અને પંચાયતની ટીમો ખડેપગે કામ કરી રહી છે.

જ્યારે વીજ પુરવઠો પુનઃસ્થાપિત કરવા તેમજ સંલગ્ન વ્યવસ્થા માટે પીજીવીસીએલના બંને ડિવિઝન દ્વારા ટીમોની રચના કરીને કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. ઓખાના મધદરિયે વેદાંતા કંપનીના ઓઈલ રીગમાં ૫૦ કર્મચારીઓ કામ કરી રહ્યા હોવાની માહિતી મળતાં કોસ્ટ ગાર્ડ દ્વારા કર્મચારીઓને એરલિફ્ટ કરી સલામત સ્થળે ખસેડવાની કામગીરી કરવામાં આવી રહી છે. અત્યાર સુધીમાં ૧૮ જેટલા કર્મચારીઓને એરલીફ્ટ કરી સલામત સ્થળે ખસેડવામાં આવ્યા છે. જિલ્લા કલેકટર કચેરી, ખંભાળિયા ખાતે કાર્યરત કંટ્રોલરૂમ દ્વારકા ગ્રામ્ય વિસ્તારોમાં સરપંચ, તલાટી વગેરેનો સંપર્ક કરીને માહિતી મેળવીને સ્થિતિ પર નજર રાખવામાં આવી રહી છે. ગૃહ રાજયમંત્રી હર્ષ સંઘવીએ દ્વારકાના વરવાળા સ્થિત સાયકલોન સેન્ટરની મુલાકાત લઈ અસરગ્રસ્ત નાગરિકોને સરકાર હંમેશા તેમની સેવા તથા સલામતી માટે પ્રતિબદ્ધ છે તેવો વિશ્વાસ અપાવ્યો હતો. ગૃહ રાજયમંત્રી હર્ષ સંઘવી દ્વારા દ્વારકાના જગત મંદિરમાં વહીવટદાર ઓફિસ ખાતે શહેરના વ્યાપારીઓ તથા વિવિધ સમાજના આગેવાનો સાથે સંભવીત વાવાઝોડાં અસરને લઈને મીટીંગ યોજાઈ હતી.જેમાં મંત્રી સંઘવીએ જણાવ્યું હતું કે, સંકટના સમયમાં પ્રવાસીઓની મદદ કરવીએ આપણા સૌની જવાબદારી છે. ભગવાન દ્વારકાધીશના દર્શન કરવા દૂર દૂરથી પધારતા યાત્રાળુઓને કોઈ પણ પ્રકારની તકલીફ ન થાય તે માટે વહીવટી તંત્રનો સહયોગ આપી આપણે સૌ આવનારા સંકટ સામનો કરવો જોઈએ. દિવ્યંગો,બાળકો, મહિલાઓ તથા વયોવૃદ્ધ વ્યક્તિઓની તકેદારીઓ રાખવી. તથા જે કોઈપણ પ્રવાસીઓ અત્યારે હોટેલમાં કે રોકાયા છે જ્યારે ભારે પવન ફૂંકાઇ ત્યારે બહાર ન નીકળવા અપીલ કરી હતી. ઈમરજન્સી સમયે વહિવટી તંત્ર સાથે સતત સંપર્કમાં રહી ઓછામાં ઓછી મુશ્કેલીઓ પડે તેની તકેદારી રાખવા પણ જણાવ્યું હતું. તેમજ સૌ સાથે મળી વાવાઝોડાં રૂપી સંકટ સામનો કરવા અપીલ કરી હતી. આ પહેલા મંત્રી સંઘવીએ વાવાઝોડાના સંભવિત અસરગ્રસ્ત વિસ્તાર તેમજ ઓખા જેટીની મુલાકાત લીધી હતી અને વવાઝોડા સામેની તૈયારીઓની સમીક્ષા કરી હતી. આ તકે ધારાસભ્ય પબુભા માણેક, દેવભૂમિ દ્વારકા જિલ્લા કલેકટર અશોક શર્મા, રેન્જ આઈજી અશોક કુમાર યાદવ, પોલીસ અધિક્ષક નિતેશ પાંડેય, દ્વારકા પ્રાંત અધિકારી પાર્થ તલસાણીયા, નાયબ પોલીસ અધિક્ષક હાર્દિક પ્રજાપતિ, જિલ્લા ભાજપ પ્રમુખ મયુર ગઢવી, વિવિધ સમાજના આગેવાનો સહિતના ઉપસ્થિત રહ્યા હતા.

# કુદરતના કરિશ્માં સામે વિજ્ઞાનના સહારે તંત્રનો કરિશ્મા





(સુરેશચંદ્ર એમ. ધોકાઈ દ્વારા) દ્વારકા તા.૧૪

રાજ્યમાં આફત સર્જનાર મનાતા બિપોરાયજોય વાવાઝોડાના આગમનના એંધાણ યાત્રાધામ દ્વારકામાં થયેલ હોય તેમ આ વાવાઝોડાની સંભવિત ગંભીરતાને ધ્યાનમાં લઈ રાજ્યના મુખ્યમંત્રી દ્વારા તેની અસર હેઠળ આવતા જે તે જિલ્લા માટેની ખાશ જવાબદારી માટે તેના મંત્રીઓને જયા ત્યાંની કામગીરીનું મોનીટરીંગ કરવા સાથે સમયસરના નિર્ણયો લેવા સાથે દરેક વિસ્તારની જરૂરિયાત મુજબ એન.ડી.આર.એફ.ની ટીમ વીજ પુરવઠો ખોરવાય નહીં તે માટેની ખાશ પ્રી સાઈકલોન કામગીરી હાથ ધરવામાં આવ્યા બાદ ગૃહમંત્રી હર્ષ સંઘવી સતત રાઉન્ડ ધ ક્લોક દરેક અધિકારીઓ સાથે વન ટુ વન મિટિંગ અને સૂચનો અને જે તે વાવાઝોડાની સંભવિત અસર થનાર વિસ્તારોની ખાશ મુલાકાત ઉપર નીકળેલ જે મુજબ દ્વારકાના રૂપેણ બંદર, ઓખાથી બેટ જવા માટેની પેસેન્જર જેટી, ઓખાં બંદર ઉપર જયાં સ્ટીમ્બરો લાંગરે છે તે ડી.સી.બી. જેટીનું સ્થળ નિરીક્ષણ કરી સાવચેતી પગલા અંગેની જે તે જવાબદાર અધિકારી સાથે સ્થળ ઉપર ચર્ચા વિચારણા અને સૂચનોની આપ લે દ્વારા આવનાર સંભવિત બીજોરોપ જોય વાવાઝોડાની ઉપસ્થિત થનાર કોઈપણ પરિસ્થિતિનો પડકાર ઝીલવા સુધી ની તૈયારી તંત્ર દ્વારા હાથ ધરવામાં આવેલ છે. જે દરમ્યાન કોસ્ટ ગાર્ડ દ્વારા ૧૧ મચ્છીમાર ખલાશીઓને એરલિફ્ટ દ્વારા સલામત પહોંચાડવા સાથે અહીંના સમુદ્ર કિનારે વસેલા કાચા ઝુંપડા દ્વારા વસેલા રૂપેણ બંદર ઉપરથી ૧૧૦૦ જેટલા માણસોને સલામત સ્થળે ખસેડવાની કામગિરિ હાથ ધરવામાં આવેલ છે. જયારે ઓખાં ખાતે સામાજિક સંસ્થાઓ, શાળાઓમાં વ્યવસ્થાઓનું સ્થાનિક કલેકટર, મામલતદારને જાત નિરીક્ષણ કરી કોઈપણ સમયે સમુદ્ર કિનારા ઉપર વસતા કોઈપણ અને કેટલી પણ સંખ્યા હોય તેમના માટેની વ્યવસ્થા ગોઠવવામાં આવેલ છે. જ્યારે રેલવે દ્વારા અહીંથી ઉપાડતી અને અહીં આવતી ટ્રેનોને અનિશ્ચિત સમય માટે બંધ કરવાની જાહેરાત કરી કેન્દ્ર અને રાજય સરકારની તકેદારીના પગલા ભરી સંભવિત વાવાઝોડા શક્ય તેટલી જાનહાની અને માલહાની અટકાવવાની તકેદારી લેવામાં આવી રહ્યાનું બહાર આવેલ છે.

# જૂનાગઢની જાણીતી શૈક્ષણિક સંસ્થા આલ્ફા સ્કુલનાં તેજસ્વી વિદ્યાર્થીઓનો સન્માન સમારંભ યોજાશે

(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા. ૧૪

આલ્ફા સ્કુલનાં સંચાલક જી.પી. કાઠીની યાદી જણાવે છે કે આલ્ફા પ્રાયમરી સ્કુલનાં, આલ્ફા ઈન્ટરનેશનલ સ્કુલ, અને આલ્ફા હાઈસ્કુલનાં ધો. ૩ થી ૯ના તેજસ્વી વિદ્યાર્થીઓનો તથા ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ-૨૩માં લેવાયેલ ધો. ૧૦ની પરીક્ષામાં, ધો. ૧૨ સાયન્સની પરીક્ષામાં અને ધો. ૧૨ કોમર્સની પરીક્ષામાં ૮૦ટકા કે તેથી વધુ ગુણ પ્રાપ્ત કરનાર આલ્ફા સ્કુલનાં તેજસ્વી વિદ્યાર્થીઓનાં તા. ૧૮-૬-૨૩ને રવિવારે શામળદાસ ગાંધી ટાઉન હોલ, જૂનાગઢ ખાતે સવારે ૯.૩૦વાગ્યે સન્માન સમારંભ યોજવામાં આવેલ છે. એપ્રીલ-૨૩માં લેવાયેલ ધો. ૩ થી ૯ની વાર્ષિક પરીક્ષામાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય નંબર મેળવનાર તેજસ્વી વિદ્યાર્થીઓને તથા ધો. ૧૦ અને ધો. ૧૨ની પરીક્ષામાં ૮૦ ટકા કે તેથી વધુ ગુણ પ્રાપ્ત કરનાર તેજસ્વી વિદ્યાર્થીઓને સંચાલકનાં હસ્તે, પ્રિન્સીપાલનાં હસ્તે અને ટીચર્સનાં હસ્તે શિલ્ડ અને પ્રમાણપત્રો આપીને સન્માનીત કરવામાં આવશે. તેજસ્વી વિદ્યાર્થીઓએ પેરન્ટસ સાથે સમયસર સન્માન સમારંભમાં શામળદાસ ગાંધી ટાઉન હોલ, જૂનાગઢ ખાતે અચુક હાજર રહેવાનું રહેશે તેમ યાદીમાં જણાવેલ છે.

# રાજકોટ ખાતે એક ભારત શ્રેષ્ઠ ભારતના વિષય ઉપર ગોષ્ઠીનો કાર્યક્રમ યોજાયો



(પંકજ ઝીબા દ્વારા) રાજકોટ, તા.૧૪

રાષ્ટ્રીયએકતા મંચ રાજકોટ દ્વારા તારીખ ૧૦ જૂન, ૨૦૨૩ના શનિવારના રોજ ધોળકિયા સ્કૂલ ઓડિટોરિયમ, બાલાજીહોલ પાછળ, ૧૫૦ ફૂટ રીંગ રોડ, રાજકોટ ખાતે "એક ભારત શ્રેષ્ઠ ભારત" ના વિષય ઉપર રાત્રે ૮ થી ૧૧ દરમ્યાન વિચાર ગોષ્ઠિનું આયોજન કરવામાં આવેલ. આ ગોષ્ઠિના મુખ્ય વકતા અશ્વિનીકુમાર ઉપાધ્યાય, ભારતીય ઉચ્ચતમ ન્યાયાલયમાં અધિવક્તા છે, તેઓ 'પી.આઈ.એલ. મેન ઓફ ઈન્ડિયા" થી સુપ્રસિદ્ધ છે અને ૧૫૦થી વધુ જાહેર હિતની અરજીઓના માધ્યમથી ભારતીય સમાજ માટે મહત્વની કાયદાકીય, સાંસ્કૃતિક અને ધાર્મિક બાબતોમાં સીમાચિન્હરૂપ ન્યાયિક આદેશો પ્રાપ્ત કર્યા છે. ઉક્ત કાર્યક્રમમાં રાજકોટના ૫૨૫ જેટલા નામાંકિત પ્રબુદ્ધજનો તથા અધિવકતાઓની પ્રોત્સાહક હાજરી રહી હતી. કાર્યક્રમ તેના હેતુ મુજબ સમાજ જાગરણ અને સમાજને સ્પષ્ટતા તરફ લઈ જવામાં સફળ રહ્યો છે. જે પ્રશ્નોત્તરી સાથે અંદાજે ત્રણ કલાક ચાલેલ અને શ્રોતાજનોનો ઉત્સાહ અને ભાવ કાર્યક્રમની પૂર્ણાહુતિ સુધી માણવા લાયક હતો. મુખ્યત્વે કાયદાનું મહત્વ, તેને મજબૂત અને સ્પષ્ટ કઈ રીતે બનાવવા જોઈએ ?અને સમાજ તેમાં શું ભૂમિકા નિભાવી શકશે ? તેના માટે શું આયોજન કરવું જોઈએ ? અને સમાજને આવી બાબતોમાં તૈયાર અને જાગૃત કરવા મહત્તમ પ્રયત્નો કઈ રીતે કરવા? તેની સ્પષ્ટ સમજ વિવિધ કાયદા જેવા કે એક દેશ, એક દંડ સંહિતા, એક કર સંહિતા, એક શિક્ષા સંહિતા, એક ધર્મસ્થળ સંહિતા, સમાન નાગરિક સંહિતા, સમાન પોલીસ સંહિતા, સમાન ન્યાયિક સંહિતા જેવા કાયદાઓ વિષે સમજાવવામાં આવ્યું હતું. અત્યારનાં મોટાભાગનાં કાયદા દ્વારા જે સમસ્યાનાં સમાધાન માટે બનાવવામાં આવ્યા છે, એ નિષ્ફળ ગયા છે, અનેક અપરાધ ઘટવાને બદલે વધી રહ્યા છે. હવે ઘણાં કાયદા રદ કરવાની જરૂર છે અને સમગ્ર દેશ માટે એક દંડ સંહિતા અને અન્ય કાયદા બને એ સમયની માંગ છે, તો જ અપરાધ અટકશે. આશા છે કે આવા કાર્યક્રમો રાજકોટમાં વધુમાં વધુ થાય અને તેનો લાભ રાજકોટના પ્રબુધ્ધજનો મેળવતા રહે.

# મિલ્સ ઓન વ્હીલ્સ - યુનિયન બેંક ઓફ ઈન્ડિયાએ મધ્યાહન ભોજન યોજના હેઠળ બાળકો માટે ભોજન પહોંચાડવા વાહનનું દાન કર્યું

**સીએસઆર પ્રવૃત્તિના ભાગ રૂપે, યુનિયન બેંક ઓફ ઈન્ડિયાએ ભારતમાં ભૂખ સામેની લડતમાં અક્ષય પાત્ર ફાઉન્ડેશનને આધાર આપવા વચન આપ્યું છે.**

અમદાવાદ, તા.૧૪

યુનિયન બેંક ઓફ ઈન્ડિયા, ઝોનલ ઓફિસ ગાંધીનગર એ, ગાંધીનગર કેન્દ્ર ખાતે સરકારી/સહાયિત સ્કુલોના વિદ્યાર્થીઓને મધ્યાહ્ન ભોજન યોજના હેઠળ તેમના ખોરાક વિતરણને આધાર આપવા અક્ષય પાત્ર ફાઉન્ડેશનને નવું નક્કોર ખોરાક વિતરણ વાહન દાન કર્યું છે. યુનિયન બેંક ઓફ ઈન્ડિયાના એમડી અને સીઈઓ સુશ્રી એ. મનીમેખલાઈ દ્વારા ફાઉન્ડેશનના સત્તાવાળાઓને તા. ૧૨/૬/૨૦૨૩ ના રોજ વાહન અર્પણ કરવામાં આવ્યું હતું. ભારતના નાગરિકો પ્રત્યેની તેમની પ્રતિબદ્ધતાના પુનઃસમર્થન આપતાં, યુનિયન બેંક ઓફ ઈન્ડિયા સમાજને દરેક સંભવિત પાસાઓમાં



મદદ કરવા અર્થપૂર્ણ સીએસઆર હસ્તક્ષેપ કરવાનું ચાલુ રાખ્યું છે. ઝોનલ હેડ વિઠલ બનશંકરી અને યુનિયન બેંક ઓફ ઈન્ડિયાના ટોચના એક્ઝિક્યુટિવ્સ અક્ષય પાત્રના અધિકારીઓ સાથેના સમારંભમાં ઉપસ્થિત રહ્યા હતા.

# જૂનાગઢનાં પૂ. ઈન્દ્રભારતી બાપુ અસરગ્રસ્તોની વ્હારે

## પાંચ હજાર ફુડ પેકેટો તથા પાણીની બોટલોની સહાય



(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા. ૧૪

બિપરજોઈ વાવાઝોડાનાં પગલે અસરગ્રસ્તોને સહાય કરવા માટે સાધુ-સંતો અને સંસ્થાઓને વહીવટી તંત્રની અપીલને ધ્યાને લઈ શ્રી પંચદશનામ જુના અખાડાનાં આંતરરાષ્ટ્રીય ઉપાધ્યક્ષ અને શ્રી રૂદ્રેશ્વર જાગીર ભારતી આશ્રમનાં મહંતશ્રી પૂ. ઈન્દ્રભારતી બાપુએ જીલ્લા વહીવટી તંત્રની અપીલને ધ્યાને લઈ માળીયા, માંગરોળ, જૂનાગઢ શહેર-ગ્રામ્યમાં વાવાઝોડાથી અસરગ્રસ્ત લોકોને મદદરૂપ થવા પૂ. ઈન્દ્રભારતી બાપુએ ગુંદી-ગાઠીયા ૨૦૦ ગ્રામનાં ૫૦૦૦ પેકેટ, ૫૦૦૦ પાણીની બોટલોની સહાય કરી છે. અને અસરગ્રસ્તોની વ્હારે આવી આ સંતે સખાવત દેખાડી છે.

# સત્યમ સેવા યુવક મંડળ તેમજ શિવમ ચેરિટેબલ દ્વારા ફૂડ પેકેટ તૈયાર કરાયા



જૂનાગઢ, તા.૧૪

ગુજરાતમાં બિપરજોય વાવાઝોડાથીપ્રભાવિત દરિયાય તેમજ આજુબાજુના વિસ્તારમાં અતિભારે વરસાદ તેમજ પૂર ઝડપે ફૂંકાતો પવન વાળા વિસ્તારમાં અતિભારે વરસાદની આગાહી સાથે આ કુદરતી આફતમાં સત્યમ સેવા યુવક મંડળ તેમજ શિવમ ચેરિટેબલ ટ્રસ્ટ, અપના ઘર દ્વારા જિલ્લા કલેકટરના આદેશ મુજબ ૧૦૦૦ ફૂડ પેકેટ તંત્રને આપેલ તેમના દ્વારા વાવાઝોડા તેમજ અતિભારે વરસાદ વાળા વિસ્તારમાં વિતરણમાં મામલતદાર ઓફિસમાંથી યશભાઈ દવે, મનસુખભાઈ ગોહેલને વિતરણ માટે અપર્ણ કરાયું હતું જેમાં મનસુખભાઈ વાજા, વિજયભાઈ કીકાણી, શાંતાબેન બેસ, મુકેશગીરી મેઘનાથી, કે.કે.ગોસાઈ, કમલેશભાઈ પંડ્યા, અલ્પેશભાઈ પરમાર, પ્રવીણભાઈ જોષી, મનહરસિંહ ઝાલા, કમલેશભાઈ ટાંક, મનોજભાઈ સાવલિયા રમેશભાઈ ટુંડીયા, તેમજ અંધ કન્યા છાત્રાલયની દીકરીઓ દ્વારા ફૂડ પેકેટ બનાવવામાં આવ્યા હતા.

# વાવાઝોડાની અસરને પગલે માંગરોળમાં વિજ પુરવઠો ઠપ્પ



(નિલેશ રાજપરા દ્વારા) માંગરોળ તા. ૧૪

માંગરોળમાં વાવાઝોડાની અસરને પગલે બે દિવસથી ભારે પવન ફુંકાતા અનેક વિસ્તારોમાં વિજળી વેરણ બની હતી. વિજતંત્ર માટે એક સાંધે ત્યાં તેર તુટે જેવી સ્થિતિ સર્જાઈ હતી. શહેરમાં સોમવારે સાંજના સમયે શાપુર રોડ પર ત્રણ સહિત ચાર વિજપોલ ધરાશાયી થતાં અનેક વિસ્તારોમાં વિજ પુરવઠો ઠપ્પ થઈ ગયો હતો. શહેરી વિસ્તારના ફીડરોમાં ફોલ્ટ સર્જાતા મોટાભાગના વિસ્તારોમાં લાઈટની સતત આવજાવ ચાલુ રહેવા પામી હતી. રાત્રી ઉપરાંત આજ સવારથી વિજધાંધીયા ચાલુ રહેતા લોકોમાં ભારે રોષ ફેલાયો હતો. અનેક વિસ્તારોમાં કલાકો સુધી લાઈટ બંધ રહેતા અનાજ દળવાની ઘંટી ચાલુ થઈ શકી ન હતી. પરિણામે લોકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો.

# વાવાઝોડું ટકરાય તો જાનહાની ન સર્જાય તે માટે તંત્ર કામે લાગ્યું

## મધુરમ પાસે વીજ પોલ ધરાશાયી થતાં લોકોને કલાકો સુધી પાવરકટ વેઠવો



જૂનાગઢ તા.૧૪

શહેરમાં બિપરજોય વાવાઝોડાની અસરને લઈ થયેલ મુશ્કેલીથી પગલાં લેવાયા હતા. મધુરમ સ્વામિનારાયણ ગેઈટ પાસે વૃક્ષ પડી જતા ૨ વિજપોલ પડી ગયા હતા. ત્યારે તુરત ઝાડ હટાવી, નવો પોલ નંખાવી વિજપુરવઠો શરૂ કરાવ્યો હતો. સાથે નજીકમાં જ મસમોટું હોર્ડિંગ્સ હતું તેને પણ ક્રેઈન બોલાવી ઉતરાવી લીધું હતું. સાથે ખામધ્રોળ ચોકડીપર ભૂવો પડ્યો હતો જેને પર રિપેર કરાવી લીધો છે. આ ઉપરાંત મજેવડી દરવાજા, ઝાંઝરડા ચોકડી સહિતના અનેક વિસ્તારોમાં ફરી જ્યાં પણ ખાડા વગેરેની સમસ્યા હતી તેને દૂર કરવા તાકીદ કરી હતી.

# જૂનાગઢ જિલ્લામાં કોમ્યુનિકેશન વ્યવસ્થા માટે સેટેલાઈટ ફોન પણ ઉપલબ્ધ છે




જૂનાગઢ તા.૧૪

જૂનાગઢ સહિત સૌરાષ્ટ્રના દરિયાકાંઠામાં સંભવિત રીતે વાવાઝોડું ત્રાટકનાર છે. આ વાવાઝોડાની સ્થિતિમાં ભારેથી અતિ ભારે વરસાદ થવાની સાથે ભારે પવન પણ ફૂંકાવાની શકયતા છે. આ સ્થિતિમાં કોમ્યુનિકેશન વ્યવસ્થા ઠપ્પ થવાની સંભાવના રહે છે. જેથી જૂનાગઢ જિલ્લા કલેક્ટર કચેરી ખાતે એક સેટેલાઈટ ફોન ઉપલબ્ધ રાખવામાં આવ્યો છે. સેટેલાઈટ ફોનનું સામાન્ય નેટવર્ક સાથે જોડાણ નથી હોતું. પરંતુ આ ફોન આકાશમાં સ્થિત સેટેલાઈટ તરંગો દ્વારા સેટેલાઈટ ફોન કામ કરે છે. એટલે કે સેટેલાઈટ ફોન ખુલ્લા આકાશ નીચે કામ કરી શકે છે. આમ, સેટેલાઈટ ફોનથી કોમ્યુનિકેશન કરી શકાશે. આ ઉપરાંત આવશ્યકતા મુજબ વરસાદ વાવાઝોડામાં કોમ્યુનિકેશન વ્યવસ્થા જળવાઈ રહે તે માટે પોલીસ સ્ટેશનથી વાયરલેસ સિસ્ટમનો ઉપયોગ કરવામાં આવશે. જેથી સંકટની સ્થિતિમાં ત્વરિત રાહત-બચાવની

## :: અવસાન નોંધ ::

જૂનાગઢ : સ્વ. કરશનભાઈ વિઠ્ઠલભાઈ સાંગાણી (દાત્રાણાવાળા) (ઉ.વ. ૬૫) તે સ્વ. મનસુખભાઈ, નરોતમભાઈનાં નાના ભાઈ, જમનભાઈનાં મોટા ભાઈ, કમલેશ, કિરણ ભરતભાઈ બુધેચા, જયોતિ ધર્મેશ વસાણીનાં પિતા, કાંતિલાલ ધરમશી રાયચુરાનાં જમાઈનું તા. ૧૪-૬-૨૩નાં રોજ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તથા પિયરપક્ષની સાદડી તા. ૧૫-૬-૨૩ ગુરૂવારનાં રોજ આશિયાનાં સોસાયટી, કેશરીનંદન મંદિર, જૂનાગઢ ખાતે સાંજનાં ૪ થી ૫ રાખેલ છે.

બિપરજોય વાવાઝોડા સામે

# સાવચેતી એ જ સલામતી

### વાવાઝોડા પહેલાં શું કરવું જોઈએ ?

- આગાહી માટે રેડિયો, ટી.વી. સમાચારો, જાહેરાતોના સંપર્કમાં રહેવું. બેટરીથી ચાલતા રેડિયોનો ઉપયોગ કરશો.
- સ્થાનિક અધિકારીઓના સતત સંપર્કમાં રહેવા પ્રયત્ન કરો.
- જો આપ જોખમી વિસ્તારમાં રહેતા હો તો વાવાઝોડાની પ્રથમ આગાહી સમયે જ સ્થળાંતર કરવું સલાહભર્યું છે.
- આપના જાનમાલની સુરક્ષા માટે વહીવટી તંત્ર દ્વારા સલામત સ્થળ અથવા આશ્રયસ્થાનોમાં સ્થળાંતર કરાવવામાં આવે તો આપનો સહકાર આપશો.
- સ્થળાંતર સમયે ગભરાટ કર્યા વગર આપના સામાન તેમજ ઢોર-ઢાંખરની સલામતીનું ધ્યાન રાખો.
- ફાનસ, ટોર્ચ, ખાવાની વસ્તુઓ, પાણી, કપડાં, વધારાની બેટરી, ધાબળા અને પ્રાથમિક સારવારની કિટ જેવી તાત્કાલિક જરૂરિયાતની વસ્તુઓ ભેગી કરી તૈયાર રાખવી.
- આપના અગત્યના દસ્તાવેજો, આપના ફોટોગ્રાફ સાથેના ઓળખપત્રો તેમજ બ્લડ ગ્રુપની માહિતી સાથે રાખો.
- દરિયાકાંઠાના અગરીયાઓએ સલામત સ્થળે ખસી જવું.
- માછીમારોએ દરિયામાં જવું નહીં, સલામત સ્થળે બોટને લંગારવી.
- અફવા ફેલાવશો નહીં, શાંત રહો, ગભરાશો નહીં.
- જરૂરી અને કિંમતી સામાન પ્લાસ્ટીકમાં પેક કરી શકય હોય તો ઉપરના માળે ખસેડી લેવો.
- બાળકોને વાવાઝોડા વિશે સમજણ આપો. જેથી ભય દૂર થશે અને આપત્તિ સમયે ઝડપથી સલામતીભર્યા પગલાં લેવાની સુઝ વિકસશે.
- આપના આવાસની મજબૂતીની ખાતરી કરી લો અને બાંધકામને લગતી ક્ષતિઓ દૂર કરવાનો પ્રયત્ન કરો.
- બિમાર વ્યક્તિઓ અને બાળકો માટે ખોરાક, પાણી અને દવાઓની લગભગ સાત દિવસ ચાલે તેવી વ્યવસ્થા રાખો.
- વૃક્ષોના સૂકા અને રોગયુક્ત ભાગો કાપી નાખો જેથી ફૂંકાતા પવનને લીધે તેઓના પડી જવાથી થતું નુકશાન અટકી શકે. નબળી ડાળીઓ પણ કાપી નાખો.
- વાહનો ચાલી શકે તેવી સ્થિતિમાં રાખો.

### વાવાઝોડું ત્રાટકે ત્યારે

**શું કરવું?**

- ઘરના તમામ બારી બારણાં બંધ રાખવા.
- માછીમારોએ પોતાની હોડી સલામત સ્થળોએ બાંધી રાખવી જોઈએ.
- અગરીયાઓએ અગરો છોડી સલામત જગ્યાએ આશ્રય લેવો જોઈએ.
- પાણીના સ્રોતથી દૂર રહેવું.
- વીજપ્રવાહ તથા ગેસ કનેકશન બંધ રાખવા.
- ટેલિફોન દ્વારા શક્ય હોય તો કંટ્રોલ રૂમમાંથી સાચી માહિતી મેળવવી અને અફવાઓથી દૂર રહેવું.

**શું ન કરવું?**

- ઘરની બહાર નીકળવાનું ટાળવું જોઈએ.
- વાવાઝોડા સમયે રેલ મુસાફરી કે દરિયાઈ મુસાફરી હિતાવહ નથી.
- બહુમાળી મકાનો ઉપર કે મકાનોની છત ઉપર રહેવાનું ટાળો. બને ત્યાં સુધી મેદાનમાં કે તેની આસપાસ રહો.
- માછીમારોએ દરિયામાં ન જવું જોઈએ.
- વૃક્ષ નીચે, થાંભલાઓ પાસે કે જૂના જર્જરિત મકાનોમાં આશ્રય લેવાનું ટાળો.
- વીજળીના તાર કે વીજ ઉપકરણોને અડશો નહીં. વીજળીના થાંભલાથી દૂર રહો.

### બિપરજોય વાવાઝોડા સંદર્ભે રાજ્યના ૮ જિલ્લાઓ અને તેના તાલુકાઓના કંટ્રોલરૂમ નંબર

**જિલ્લા કંટ્રોલ રૂમ**
**કચ્છ - (ભૂજ) 02832-250923**
**તાલુકા કંટ્રોલ રૂમ**
ભૂજ-02832 230832
માંડવી-02834 222711
મુંદ્રા-02838 222127
અંજાર-02836 242588
ગાંધીધામ-02836 250270
ભચાઉ-02837 224026
રાપર-02830 220001
નખત્રાણા-02835 222124
અબડાસા-02831 222131
લખપત-02839 233341

**જિલ્લા કંટ્રોલ રૂમ**
**જૂનાગઢ - 0285 2633446**
**તાલુકા કંટ્રોલ રૂમ**
જૂનાગઢ-0285 2636595
વંથલી-02872 222046
માણાવદર-02874 221440
મેંદરડા-02872 241329
માળીયા હાટીના-02870 222232
ભેંસાણ-02873 253426
વિસાવદર-02873 222056
કેશોદ-02871 236043
માંગરોળ-02878 222009

**જિલ્લા કંટ્રોલ રૂમ**
**ગીર સોમનાથ - 02876 240063**
**તાલુકા કંટ્રોલ રૂમ**
ગીર સોમનાથ-02876 285061
વેરાવળ-02876 244299
તલાલા-02877 222222
સુત્રાપાડા 02876 263371
કોડીનાર-02795 221244
ઉના-02875 222039
ગીર ગઢડા-02875 243100

**જિલ્લા કંટ્રોલ રૂમ**
**દેવભૂમિ દ્વારકા - 02833 232125**
**તાલુકા કંટ્રોલ રૂમ**
ખંભાળીયા-78619 84900
ભાણવડ-02896 232113
દ્વારકા-79845 74022
કલ્યાણપુર-99749 40580

**જિલ્લા કંટ્રોલ રૂમ**
**જામનગર - 0288 2553404**
**તાલુકા કંટ્રોલ રૂમ**
કાલાવડ-02894 222002
જામજોધપુર-02898 221136
જોડીયા-02893 222021
ધ્રોલ-02897 222001
લાલપુર-02895 272222

**જિલ્લા કંટ્રોલ રૂમ**
**રાજકોટ - 0281 2471573**
**તાલુકા કંટ્રોલ રૂમ**
રાજકોટ-0281 2227222
ઉપલેટા-02826 221458
કોટડા સાંગાણી-02827 276221
ગોંડલ-02825 220093
જેતપુર-02823 220001
જસદણ-02821 220032
જામકંડોરણા-02824 271321
ધોરાજી-02824 221887
પડધરી-02820 233059
લોધિકા-02827 244221
વીંછીયા-02821 273432

**જિલ્લા કંટ્રોલ રૂમ**
**મોરબી - 02822 243300**
**તાલુકા કંટ્રોલ રૂમ**
વાંકાનેર-02828 220590
હળવદ-02758 260031
માળીયા મીયાણા-9328734028
ટંકારા-02822 287675

**જિલ્લા કંટ્રોલ રૂમ**
**પોરબંદર - 0286 2220800**
**તાલુકા કંટ્રોલ રૂમ**
રાણાવાવ-02801 230622
કુતિયાણા-02804 261226

**આફત સામે પૂર્વ તૈયારી એ જ ઉપાય**

આપાતકાલિન સંપર્ક (લેન્ડલાઈન ફોન માટે)* જિલ્લા કંટ્રોલરૂમ - ૧૦૭૭ / રાજ્ય કંટ્રોલરૂમ - ૧૦૭૦

*મોબાઈલથી સંપર્ક કરવા માટે ડિસ્ટ્રીક્ટ કોડ જોડવો

**વાવાઝોડાની અદ્યતન અને વિશ્વસનીય માહિતી નીચેના સોશિયલ મીડિયા હેન્ડલ્સ પરથી મળી શકશે**

@infogujarat   gujaratinformation.official   gujarat.information

